## @ ગાંધીનગર

### ● સાત સેનાનીઓના યુપીમાં ધામા

ઉત્તરપ્રદેશના ચૂંટણી જંગમાં ભાજપે દેશભરમાંથી સેંકડો કાર્યકરોને ઉતાર્યા છે. દરેક બેઠક પર અલગ-અલગ પ્રદેશના કાર્યકરો સર્વેની-સંકલનની અને પ્રચારની કામગીરીમાં છેલ્લા દોઢ મહિનાથી વ્યસ્ત છે. ત્યારે ગાંધીનગર મહાનગરના ભાજપના અગ્રણીઓને યુપીમાં જવાબદારી સોંપી છે. જેમાં આશિષભાઈ દવે, કેતન પટેલ, દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ), અતુલ પટેલ, કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પુનમભાઈ મકવાણા દોઢ મહિનાથી ધામા નાખીને યુપીમાં બેઠા છે. ઘેર ઘેર ફરીને ભાજપનો સંદેશો પહોંચાડતા આગેવાનો અઠવાડીયામાં એકવાર ગાંધીનગર આવી પાછા યુપીના ઘેર-ઘેર પ્રચાર કરવાની પ્રવૃત્તિમાં ઓતપ્રોત થઈ જાય છે અને હા..! ગાંધીનગરનો હોંશિલો યુવાન દિવ્ય ત્રિવેદી તો ૩ મહિનાથી યુપીમાં ભાજપ માટે ધુણી ધખાવીને શેરીએ શેરીએ ફરે છે.

### ● મનપામાં ત્રિપુટીની બોલબાલા

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર-ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન સાથે રહેવાના હાઈકમાન્ડની શિખામણનું અક્ષરસહ પાલન કરે છે. શહેરના દરેક કાર્યક્રમમાં હિતેષ મકવાણા, પ્રેમલસિંહ ગોલ અને જશુભાઈ પટેલ સાથે જ હોય અને એટલે જ મજાકમાં કાર્યક્રમના આયોજકો ૩ મુખ્ય મહેમાનની ખુરશીઓ ગોઠવે છે. કોઈપણ કાર્યક્રમ કે બેઠકમાં ત્રણેય સાથે આવે અને ત્રણેય એક જ સુરમાં પ્રવચન કરે છે એટલુ જ નહિ ત્રણેય એક જ ગાડીમાં આવે છે અને એક જ ગાડીમાં ફરે છે અને એટલે જ ગાંધીનગરમાં મનપાની ત્રિપુટીની બોલબાલા છે.

### ● ભુવાજી ભાજપમાં કેમ જોડાયા..?!

ગાંધીનગરની ગલીઓમાં મનપાની ચૂંટણીમાં મોટે મોટેથી ભાજપને ભાંડતા ભુવાજીએ હોંશેહોંશે કેસરીયો ધારણ કર્યો..! ચોરે ને ચૌટે શહેરમાં એક જ ચર્ચા ચાલે છે કે ભુવાજીને આમ આદમી પાર્ટીનો મોહ ભંગ થયો... કોઈ સામાજીક દબાણ આવ્યું કે કોઈ પદની લાલચ કમલમ્ સુધી ખેંચી ગઈ..?! પણ હકીકતે સરકારી સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિજય સુવાળાની અવગણના વ્યાપક રીતે થતાં વ્યથિત થઈને કમલમનો માર્ગ પકડ્યો છે. કેટલાક કલાકારોના દબાણો પણ વિજય સુવાળા પર હતાં અને કલાકારોના ગૃપમાં સાથે રહેવાના ઉદ્દેશ માટે કેસરીયો ધારણ કર્યાનો સુંવાળા કહે છે..!!

# શહેરમાં કોરોના બેફામ : ૨૧૩ નવા કેસ

**સે. ૨ માં ૨૮, સે. ૩ માં ૧૬, સે. ૫-૭ માં ૧૧-૧૧ કેસ, સે. ૧૭, ૨૩, ૨૯ માં ૬-૬ કેસ, સે. ૨૨, ૧, ૨૦, ૨૬ માં ૫-૫ કેસ, સે. ૨૪ માં ૭ કેસ, કુડાસણમાં ૧૯, સરગાસણમાં ૧૬, રાયસણમાં ૧૬, વાવોલમાં ૭, પેથાપુરમાં ૫ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૧૩ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા બે હજારના આંકને પાર કરી ગયેલ છે.

શહેરમાં સતત વધી રહેલા સંક્રમણને કારણે તંત્રની ચિંતા વધી છે. શહેરમાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૧૫ ટકા નજીક હોવાથી ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બે દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમો તેમજ કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા માટે તાકીદ કરી છે.

આજે નોંધાયેલા કેસોમાં શહેરના સેક્ટરોમાં કેસો વધ્યા છે જ્યારે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં થોડુક સંક્રમણ ઘટવા પામ્યુ છે. સેક્ટરોમાં આજે ૧૪૦ જેટલા કેસો નોંધાયા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૭૩ જેટલા કેસ નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૮૦ મહિલા દર્દી, ૧૫ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના, ૨૧ દર્દી ૬૦ કે તેથી વધુ વય ધરાવતા નોંધાયા છે. સે. ૭ માં એક ૯૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જોકે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે ૧૦ વર્ષની નીચેની વયના ૬ દર્દીઓ નોંધાયા છે. રાયસણમાં ૪ વર્ષનું બાળક, સે. ૩ માં ૪ વર્ષનું બાળક, કુડાસણમાં ૫ વર્ષની દિકરી અને ૭ વર્ષનું બાળક, સરગાસણમાં ૭ વર્ષની દિકરી તેમજ રાંદેસણમાં ૭ વર્ષનું બાળક કોરોનાથી સંક્રમિત થયેલુ મળી આવેલ છે.

શહેરમાં કપલો અને પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યા છે. શહેરમાં કોરોનાના માઈલ્ડ લક્ષણો ધરાવતા દર્દીઓ વધુ મળી રહ્યા છે જેથી હોસ્પિટલાઈઝેશન દર ઓછો જોવા મળી રહ્યો છે. આજે સે. ૩ ના એક દર્દીને તથા સે. ૧૨ની એક મહિલા દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્યવિસ્તાર કુડાસણમાં ૧૯, સરગાસણમાં ૧૬, રાયસણમાં ૧૬, વાવોલમાં ૭, પેથાપુરમાં ૫, ઈન્દ્રોડા-કોબા અને રાંદેસણમાં ૩-૩ તેમજ પાલજ-રાંધેજામાં એક-એક કેસ નોંધાયેલ છે.

શહેરના સેક્ટરોમાં બીજી લ્હેર વખતે સંવેદનશીલ બનેલ સે. ૨ માં આજે ૨૮ કેસ, સે. ૮ માં ૮, સે. ૩ માં ૧૬, સે. ૭ માં ૧૧, સે. ૫ માં ૧૧, સે. ૨૯ માં ૬, સે. ૨૬ માં ૬, સે. ૧૭ માં ૬, સે. ૨૪ માં ૭, સે. ૨૨માં ૫, સે. ૨૩ માં ૬, સે. ૧ માં ૫, સે. ૨૦ માં ૫ અને સે. ૧૯ માં ૨ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યુ છે અને તેમાંય બાળકો, મહિલા તેમજ વયસ્કોના કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૩૦ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે ૧૩૯૮ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે શહેરમાં એક હજાર જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન બનાવવામાં આવ્યા છે. શહેરમાં ૧૨ હજાર જેટલા લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

## ગ્રામ્ય વિસ્તારમાં નવા ૯૬ કેસ

**૬૪ દર્દી સાજા થતાં ડિસ્ચાર્જ અપાયું : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૯, ગાંધીનગરમાં ૪૬, કલોલમાં ૩૪ અને માણસામાં ૭ કેસ**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૬ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારના કેસોની સંખ્યા ૮૮૧ થવા જાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધી રહ્યુ છે પરંતુ કેસોની સંખ્યામાં સતત વધારો-ઘટાડો નોંધાઈ રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૩૨ મહિલા, ૧૬ વિદ્યાર્થી, ૮ વેપારી, ૬ ખેડૂત, એક ડ્રાયવર, કંડક્ટર તેમજ એક વકીલ અને એક હેલ્થ વર્કરનો પણ સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે. ગ્રામીણ વિસ્તારમાં ફરજો બજાવતા કર્મયોગીઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૯, ગાંધીનગરમાં ૪૬, કલોલમાં ૩૪ અને માણસામાં ૭ કેસનો સમાવેશ થાય છે. દહેગામ-માણસામાં પણ કેસો ધીમી ગતિએ વધી રહ્યા છે.

દહેગામ તાલુકામાં દહેગામ અર્બનમાં ૬ કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં બહિયલ, જિંડવા અને હાલીસામાંથી કેસો મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આદરજ મોટીમાંથી ૨, સી.આર.પી.એફ.માં ૩, બી.એસ.એફ.માં ૪, ઉનાવામાં ૩, ૮ કેસ અડાલજમાંથી, એક કેસ શાંતિગ્રામમાંથી, ઉવારસદમાંથી ૪, કરાઈ, કાનપુર, સરઢવ, ઈસનપુર મોટીમાંથી એક-એક કેસ મળી આવેલ છે. તાલુકાના છાલા ગામે આજે કોરોનાનો વિસ્ફોટ થયો છે એક સાથે ૧૩ કેસ નોંધાયા છે.

કલોલ તાલુકાના સેમી અર્બન વિલેજ બોરીસણામાંથી ૮ કેસ, જાસપુરમાંથી એક કેસ, કલોલ સીટીમાંથી ૧૯ કેસ આ ઉપરાંત સઈજમાંથી બે કેસ, નારદીપુર, નારોલા, નાંદોલીમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં માણસા અર્બનમાંથી ૪ કેસ ઉપરાંત આજોલ, પડુસ્મા, રણછોડનગરમાંથી એક-એક કેસ નોંધાયેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૪ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્યવિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૭૨ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ દર્દીઓ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હોમ

● અનુસંધાન પાન-૬ પર

## આવતીકાલથી ફરીવાર માવઠાની આગાહી

ગાંધીનગર, તા. ૧૭

આ વર્ષે વારંવાર માવઠાની સ્થિતિ સર્જાઈ રહી છે. હજુ દસેક દિવસ પહેલાં જ માવઠાની સ્થિતિ સર્જાઈ હતી. હવે પુનઃ ૧૯ થી ૨૨ જાન્યુઆરી દરમ્યાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં માવઠુ થઈ શકે છે. જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે માવઠાની આગાહી કરી છે.

વાતાવરણમાં વારંવાર ફેરફાર આ વર્ષે જોવા મળી રહ્યા છે. વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસર વારંવાર સર્જાતા માવઠુ પડી રહ્યુ છે. હજુ દસેક દિવસ પહેલા જ રાજ્યના ઘણા વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. ગાંધીનગરમાં પણ માવઠુ પડ્યુ હતુ. માવઠા બાદ ગાંધીનગરમાં આકરી ઠંડી પડી હતી. લઘુત્તમ તાપમાન એક ડિજીટમાં જ નોંધાયુ હતુ. હાડ થીજવતી ઠંડી હાલમાં પણ પડી રહી છે. આ સ્થિતિ વચ્ચે ગાંધીનગરમાં જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરી છે કે આગામી દિવોસમાં પુનઃ માવઠાની સ્થિતિ સર્જાઈ શકે છે. આગામી તા. ૧૯ થી ૨૨ ડિસેમ્બર દરમ્યાન પુનઃ વાતાવરણમાં પલ્ટો આવી શકે છે. વાદળો આવતા લઘુત્તમ તાપમાન ઉંચકાશે સાથે જ રાજ્યના અમુક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી શકે છે.

## એક જ દિવસમાં "આપ"ને ઉપરાઉપરી ત્રણ ફટકાં

**વિજય સુંવાળા બાદ સુરતના સેવાભાવી ઉદ્યોગપતિ મહેશ સવાણી અને નીલમબેન વ્યાસે પાર્ટી છોડી**

ગાંધીનગર, તા.૧૭

આજે જાણીતા લોકગાયક વિજય સુંવાળાએ આમ આદમી પાર્ટી છોડીને ભાજપનો ભગવો ખેસ ધારણ કર્યો હતો. આ પછી આપ પાર્ટીના નીલમબેન વ્યાસ પણ ભાજપમાં જોડાયા હતા અને ત્યારબાદ નિરાધાર દીકરીઓના લગ્ન કરાવવા માટે જાણીતા બનેલા સુરતના ઉદ્યોગપતિ સમાજસેવક મહેશ સવાણીએ પણ આમ આદમી પાર્ટીને ટાટા બાય બાય કર્યુ હતુ જેના કારણે આમ આદમી પાર્ટીને માત્ર એક જ દિવસમાં એક પછી એક ઉપરાછાપરી ત્રણ ત્રણ ફટકા લાગ્યા હતા.

વિજય સુંવાળાના ભાજપમાં જોડાયાના ગણતરીના સમયમાં આમ આદમી પાર્ટીને રાજ્યમાં વધુ એક મોટો ફટકો લાગ્યો હતો જ્યારે જાણીતા ઉદ્યોગપતિ અને સમાજ સેવક મહેશ સવાણીએ પણ આમ આદમી પાર્ટી છોડી દીધી હતી. મહેશ સવાણીએ પાર્ટી છોડવા સાથે જણાવ્યુ હતુ કે તેઓ સમાજસેવા કરવા માટે રાજનીતિમાં આવ્યાં હતાં પરંતુ તે થઈ ન શકતાં હવે તેઓ માત્ર સમાજસેવા પર ધ્યાન કેંદ્રીય કરશે. વિજય સુવાળાને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે ભાજપનો ખેસ પહેરાવ્યો હતો અને ત્યાર પછી આમ આદમી પાર્ટીનાં નીલમબેન વ્યાસ પણ ભાજપમાં જોડાઈ ગયા હતા. આમ માત્ર એક જ દિવસમાં આમ આદમી પાર્ટીને ત્રીજો ફટકો પડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મહેશ સવાણી ગત વર્ષે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાની સુરતની મુલાકાતે વખતે આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. મહેશ સવાણી અનાથ દીકરીઓના ધામધૂમથી લગ્ન કરાવી આપવા માટે જાણીતા છે.

## ઉદ્યોગભવનમાં કોમ્પ્યુટરની બેટરી ચોરવા ઘુસેલા ગઠીયાને ચોકીદારે ઝડપ્યો

**સે-૭ પોલીસ મથકે કોલવડાના શખ્સ વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી**

ગાંધીનગર તા ૧૭

અનેકવિધ દુવિધાઓથી ઘેરાયેલા ઉદ્યોગ ભવનમાં ચોરી કરવા આવેલા ગઠીયાને ચોકીદારે ઝડપી લીધો હતો. ઉદ્યોગભવનના ત્રીજા માળે ઈલેક્ટ્રીક રૂમમાં કોમ્પ્યુટરની બેટરી ચોરવા માટે ઘુસેલા કોલવડાના ગઠીયાને પકડી લેવાતા સે-૭ પોલીસે ફરિયાદ નોધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં શિયાળાની ઠંડીના દિવસોમાં ચોર ટોળકી સક્રીય થઈ છે. ત્યારે નાગરિકોએ પણ સાવધાન રહેવાની અનિવાર્યતા છે. શહેરના રહેણાંક વિસ્તારની સાથે હવે સરકારી કચેરીઓમાં પણ જાણભેદુ ગઠીયાઓ હાથ અજમાવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઉદ્યોગભવનમાં પણ આવો જ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ઉદ્યોગભવનના બ્લોક નં - ૪ જી આઈ ડી સી મહેકમ શાખાના નાયબ મેનેજર હીમાંશુ પ્રકાશચંદ્ર જોષીએ તેમની ફરિયાદમાં જણાંવ્યા મુજબ આજે સવારના સમયમાં મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટર ભાવેશ માડવીનો તેમને ફોન આવ્યો હતો કે ઈલેક્ટ્રીક રૂમનો બંધ દરવાજો ખોલવાનો પ્રયાસ કરતા એક શખ્સને ચોકીદાર જીયાલાલે ઝડપી પાડીને પ્રથમ માળે બેસાડી દીધો છે. જે અંગે જાણ થતા તેઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા. જયારે આ દરમિયાન તેમણે આ શખ્સને રૂમનો દરવાજો ખોલવા મામલે પુછતાછ કરતા સંતોષકારક જવાબ આપ્યો ન હતો. અગાઉ પણ આ બ્લોકમાં નાની મોટી ચોરીના બનાવો બન્યા છે. ત્યારે આ શખ્સ કોમ્પ્યુટર રૂમની બેટરી ચોરવાના ઈરાદે આવ્યો હોવાની સંભાવના પણ વ્યકત કરી હતી જેના અંતે કોલવડાના આ શખ્સ સામે પોલીસે મથકે ફરિયાદ નોંધાતા સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી દેવામાં આવી છે.





સ્માર્ટ સીટી અંતર્ગત શહેરમાં વિવિધ પ્રકારના વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. રોડ રસ્તાના કામો ઉપરાંત શહેરને ૨૪ કલાક પાણી આપવાનો પ્રોજેકટ હાથ પર લેવાયો છે. સેકટર-૧૩માં હાલમાં પાણીની પાઈપો નાંખવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

## ગુડાએ સાત દુકાનોની હરાજી કરી ૧.૨૨ કરોડની આવક મેળવી

**રાયસણ અને અડાલજમાં કુલ સાત દુકાનોની ખુલ્લી હરાજી પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિકાસના અનેકવિધ કામો હાથ ધરવા માટે અગાઉ બોર્ડ બેઠકમાં આયોજન કરવામાં આવ્યુ હતુ જયારે ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાઓનુ કામ પણ ઝડપથી હાથ ધરવામાં આવે તે દીશામાં પણ પ્લાન તૈયાર કરાયો છે. ગુડા વિસ્તારમાં કોર્મશિયલ પ્લોટસની હરાજી કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે જયારે ગુડા દ્વારા રાયસણ અનો અડલજમાં કુલ ૭ દુકાનોની હરાજી કરી રૂ ૧.૨૨ કરોડની આવક કરી હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારના વિકાસ માટે નવી ટી પી તેયારી કરવામાં આવી છે. જયારે ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને વેગ મળે તે માટે પણ બોર્ડ બેઠકમાં વિશેષ આયોજન કરાયુ છે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં રહેણાંકના મકાનો બાંધવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.



સરગાસણ, પેથાપુર અને વાવોલમાં એલ આઈ જી આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે ગુડા વિસ્તારમાં હરિયાળી નિખરે તે માટે પણ નવા ઉદ્યાનોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. બીજીતરફ આવકના નવા સ્ત્રોત ઉભા કરવા માટે પણ ગુડા દ્વારા આગામી દિવસોમાં પ્લોટસની હરાજીની પ્રક્રીયા હાથ ધરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે ગુડા વિસ્તારમાં કોર્મશિયલ પ્લોટસની સાથે દુકાનોને અનુલક્ષીને પણ ગુડાને આવક થાય તે માટે પણ અગાઉ વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેને અનુલક્ષીને શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અડાલજમાં એફ પી ૧૩૩ અને રાયસણમાં એફ પી ૩૬૮ ખાતે કોર્મશિયલ દુકાનોની ખુલ્લી હરાજી પ્રક્રીયા યોજવામાં આવી હતી જયારે આ દરમિયાન ગુડા દ્વારા સાત દુકાનોની હરાજી કરવામાં આવી હતી જયારે આ દુકાનોની હરાજીના અંતે શેહીર વિકાસ સત્તા મંડળને રૂ ૧.૨૨ કરોડની આવક થઈ હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## કેમ્પ હનુમાન મંદિરને ૩૧મી સુધી બંધ રાખવા નિર્ણય કરાયો

અમદાવાદ,તા.૧૭

રાજ્યમાં વધુ એક મંદિર કોરોના સંક્રમણના કારણે બંધ કરવામાં આવ્યું હોવાના સમાચાર મળી રહ્યા છે. દ્વારકા, ડાકોર, બહુચરાજી, શામળાજી અને બાદ હવે અમદાવાદના કેમ્પ હનુમાન મંદિર પણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોના કેસમાં સતત વધારો થવાના કારણે અમદાવાદનું કેમ્પ હનુમાન મંદિર બંધ કરાયું છે. એકદમથી કેસમાં ઉછાળો આવતા આજથી મંદિરમાં દર્શનાર્થીઓ માટે પ્રવેશ બંધ કરાયા છે. ૩૧ જાન્યુઆરી સુધી દર્શનાર્થીઓ માટે મંદિર બંધ કરવાનો ટ્રસ્ટીઓ દ્વારા નિર્ણય લેવાયો છે. ૩૧ જાન્યુઆરી બાદ કેસની સ્થિતિ જોઈને ટ્રસ્ટી મંદિર ખોલવા અંગે આગામી નિર્ણય લેશે. કોરોના વાયરસની મહામારીના કારણે અમદાવાદમાં અગાઉ લોકડાઉન બાદ કેમ્પ હનુમાન મંદિર દર્શનાર્થીઓ માટે બંધ કરી દેવામાં આવ્યું હતું. જે ૨૪૮ દિવસ પછી દર્શનાર્થીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતુ. ભક્તોની વારંવાર રજૂઆત બાદ આર્મી કેન્ટોન્મેન્ટ અને ટ્રસ્ટીએ મંજૂરી આપતા કેમ્પ હનુમાનનું મંદિર ભક્તો માટે ખોલવામાં આવ્યું હતુ. હવે ફરી કેમ્પ હનુમાન મંદિર બંધ કરાતા શ્રદ્ધાળુઓમાં નિરાશા જોવા મળી રહી છે. નોંધનીય છે કે શાહીબાગ વિસ્તારમાં આવેલુ કેમ્પ હનુમાનનું મંદિર ભક્તોની આસ્થાનું મોટુ કેન્દ્ર છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com